ખાનગી

*લાંચ રૂશ્વત વિરોધી ખાતાને સોંપવામાં આવતી તપાસમાં અન્ય ખાતાએ તપાસ હાથ ધરેલ હોય તો તે સ્થગિત કરી તપાસના કાગળો બ્યુરોને સુપ્રત કરવા બાબત...*

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : લરવ-૩૧૮૪/૨૬૨૧/હ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૮૫.

*સંદર્ભ :-(૧) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : લરવ-૨૩૮૧/૧૫૫૬/હ, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૧.*

*(૨) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : લરવ-૩૧૮૪/૨૬૨૧/હ, તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૮૫.*

**પરિપત્ર**

સંદર્ભમાં દર્શાવેલ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૧ અને તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૮૫ના પરિપત્રથી જાહેર સેવક કે અર્ધ સરકારી કર્મચારી/અધિકારી વિરૂદ્ધ લાંચ રૂશ્વત, અપ્રમાણિકતા, ગેરવર્તાવ વગેરેને લગતા આક્ષેપોની તપાસો પોલીસ કે બીજી અન્ય એજન્સીઓ દ્વારા કરાતી હોય તેવી તપાસો બેવડાય નહિ તે હેતુથી સરકારશ્રી તરફથી લાંચરૂશ્વત વિરોધી ખાતાને સોંપવામાં આવે ત્યારે તે પૂર્વ જે તે તપાસ એજન્સી પાસેથી તપાસના કાગળો દસ્તાવેજો સહિત આગળની કાર્યવાહી માટે લાંચ રૂશ્વત વિરોધી ખાતાને સોંપવાની સુચનાઓ આપેલ છે. આ સુચનાઓ જ્યારે આવી તપાસ ગુજરાત રાજ્ય તકેદારી આયોગ દ્વારા પણ લાંચ રૂશ્વત વિરોધી ખાતાને સોંપવામાં આવે ત્યારે પણ લાગુ પાડવાની બાબતે સરકારશ્રીએ નિર્ણય કરેલ છે કે ઉક્ત પરિપત્રોની જોગવાઈઓની તકેદારી આયોગ દ્વારા લાંચ રૂશ્વત વિરોધી ખાતાને તપાસ સોંપાય ત્યારે પણ અમલ કરવાનો રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્ર. ગ. ગુપ્તે**
સરકારના નાયબ સચિવ